: અનુક્રમણિકા :

પ્રકરણ : ૧ બ્રાહ્મણ સાહિત્યનો ઉદ્‌ભવ અને વિકાસ :

૧.૧ વેદનો સામાન્ય પરિચય

૧.૧.૧ વેદાર્થ

૧.૧.૨ વેદનું માહાત્મ્ય

૧.૨ બ્રાહ્મણ સાહિત્યનો ઉદ્‌ભવ અને વિકાસ

૧.૨.૧ 'ब्राह्मण' શબ્દાર્થ

૧.૨.૧.૧ ગ્રંથવાચી બ્રાહ્મણ શબ્દાર્થ

૧.૨.૨ બ્રાહ્મણ સાહિત્યના પ્રણેતા

૧.૨.૨.૧ શતપથ બ્રાહ્મણના પ્રણેતા

૧.૨.૨.૨ બ્રાહ્મણ સાહિત્યનો રચનાકાળ

૧.૨.૩ ઉપલબ્ધ બ્રાહ્મણ સાહિત્યનો સંક્ષિપ્ત પરિચય

૧.૨.૩.૧ ઋગ્વેદીય બ્રાહ્મણ ગ્રંથ

૧.૨.૩.૨ યજુર્વેદીય બ્રાહ્મણ ગ્રંથ

૧.૨.૩.૩ સામવેદીય બ્રાહ્મણગ્રંથ

૧.૨.૩.૪ અથર્વવેદીય બ્રાહ્મણગ્રંથ

૧.૨.૪ બ્રાહ્મણ સાહિત્યનું વિષયવસ્તુ

૧.૨.૪.૧ વિધિ

૧.૨.૪.૨ વિનિયોગ

૧.૨.૪.૩ હેતુ

૧.૨.૪.૪ અર્થવાદ

૧.૨.૪.૫ નિર્વચન

૧.૨.૪.૬ આખ્યાન

પ્રકરણ : ૨ આખ્યાન સાહિત્યનો ઉદ્ભવ-વિકાસ

૨.૧ આખ્યાન સાહિત્યનાં ઉદ્ભવ અને વિકાસની રૂપરેખા

૨.૨ આખ્યાન : શબ્દાર્થ

૨.૩ આખ્યાન સ્વરૂપ

૨.૩.૧ આખ્યાન તથા ઉપાખ્યાન

૨.૩.૨ આખ્યાન સ્વરૂપ-કથા

૨.૩.૩ આખ્યાન સ્વરૂપ-ગાથા

૨.૩.૪ આખ્યાન સ્વરૂપ-નારાશંસી

૨.૩.૫ આખ્યાન સ્વરૂપ : ઈતિહાસ-પુરાણ

૨.૪ વૈદિક સાહિત્યમાં આખ્યાન સ્વરૂપ

૨.૪.૧ ઋગ્વેદાદિસંહિતામાં આખ્યાન સ્વરૂપ

૨.૪.૨ બ્રાહ્મણ ગ્રંથોમાં આખ્યાન સ્વરૂપ

૨.૪.૩ આરણ્યક સાહિત્યમાં આખ્યાન સ્વરૂપ

૨.૪.૪ ઉપનિષદ સાહિત્યમાં આખ્યાન સ્વરૂપ

૨.૫ પુરાણ તથા રામાયણ-મહાભારતમાં આખ્યાન સ્વરૂપ

૨.૫.૧ પુરાણ સાહિત્યમાં આખ્યાન સ્વરૂપ

૨.૫.૨ રામાયણમાં આખ્યાન સ્વરૂપ

૨.૫.૩ મહાભારતમાં આખ્યાન સ્વરૂપ

૨.૬ બૌદ્ધ તથા જૈન સાહિત્યમાં આખ્યાન સ્વરૂપ

૨.૬.૧ બૌદ્ધ સાહિત્યમાં આખ્યાન સ્વરૂપ

૨.૬.૨ જૈન સાહિત્યમાં આખ્યાન સ્વરૂપ

પ્રકરણ : ૩ શતપથ બ્રાહ્મણમાં આવતાં આખ્યાનો

૩.૧ શતપથ બ્રાહ્મણનું સ્વરૂપ

૩.૧.૧ શતપથ નામાભિધાન

૩.૧.૨ શતપથ બ્રાહ્મણ સંલગ્ન સ્ત્રોત

૩.૧.૩ શતપથ બ્રાહ્મણની અગત્ય

૩.૧.૪ શતપથ બ્રાહ્મણમાં આધ્યાત્મિકતા

૩.૧.૫ શતપથ બ્રાહ્મણની ભાષા

૩.૧.૬ શતપથ બ્રાહ્મણમાં વિજ્ઞાન

૩.૧.૭ શતપથ બ્રાહ્મણમાં સંસ્કૃતિ

૩.૧.૮ શતપથ બ્રાહ્મણમાં દર્શન

૩.૧.૯ શતપથ બ્રાહ્મણમાં નિર્વચન

૩.૧.૧૦ શતપથ બ્રાહ્મણનું સાહિત્યિક મહત્ત્વ

૩.૨ શતપથ બ્રાહ્મણનું વિષયવસ્તુ

૩.૨.૧ કાણ્વ શતપથ બ્રાહ્મણની સારણી

૩.૨.૨ માધ્યંદિન શતપથ બ્રાહ્મણની સારણી

૩.૨.૩ માધ્યંદિન શતપથ બ્રાહ્મણમાં પ્રાપ્ત આખ્યાન

૩.૨.૩.૧ પ્રથમ કાંડ હવિર્યજ્ઞમ્

૩.૨.૩.૨ દ્વિતીય કાંડ એકપાદિકા

૩.૨.૩.૩ તૃતીય કાંડ અધ્વરમ્

૩.૨.૩.૪ ચતુર્થ કાંડ ગ્રહનામ

૩.૨.૩.૫ પંચમ કાંડ સવમ

૩.૨.૩.૬ ષષ્ટમ્ કાંડ ઉષાસમ્ભરણમ્

૩.૨.૩.૭ સપ્તમ કાંડ હસ્તિઘટમ્ (ષટ્)

૩.૨.૩.૮ અષ્ટમ કાંડ ચિતિઃ

૩.૨.૩.૯ નવમ કાંડ સંચિતિઃ

૩.૨.૩.૧૦ દશમ કાંડ અગ્નિરહસ્યમ્

૩.૨.૩.૧૧ એકાદશ કાંડ અષ્ટાધ્યાયી (સંગ્રહ)

૩.૨.૩.૧૨ દ્વાદશ કાંડ મધ્યમમ્ (સૌત્રામણી)

૩.૨.૩.૧૩ ત્રયોદશ કાંડ અશ્વમેધમ્

૩.૨.૩.૧૪ ચતુર્દશ કાંડ બૃહદારણ્યકમ્

૩.૩ માધ્યંદિન શતપથ બ્રાહ્મણના મહાશોધ પ્રબંધ અંતર્ગત આવતાં આખ્યાનો

૩.૩.૧ વૃત્રાસુર આખ્યાન

૩.૩.૨ મનુવૃષભ આખ્યાન

૩.૩.૩ ત્રિશીર્ષા વિશ્વરૂપ આખ્યાન

૩.૩.૪ પુરોડાશ આખ્યાન

૩.૩.૫ દેવાસુર આખ્યાન

૩.૩.૬ દેવાસુર પૃથિવી વિભાજન આખ્યાન

૩.૩.૭ રાહૂગણ માધવ આખ્યાન

૩.૩.૮ વાણી-મન સંવાદાખ્યાન

૩.૩.૯ પ્રયાજાનુ મન્ત્રણ મહાબન્ધિત આખ્યાન

૩.૩.૧૦ ત્વષ્ટાના પુત્ર ત્વષ્ટાનું આખ્યાન

૩.૩.૧૧ મનુમત્સ્ય આખ્યાન

૩.૩.૧૨ બાર્હસ્યત્ય શંયુ આખ્યાન

૩.૩.૧૩ ઘોષા વા ઈચમ વાક આખ્યાન

૩.૩.૧૪ સોપર્ણ કાદ્રવગ્યાખ્યાન

૩.૩.૧૫ પુરુરવા ઉર્વશી આખ્યાન

પ્રકરણ : ૪ આખ્યાનોનું વિશ્લેષણાત્મક અધ્યયન

૪.૧ આખ્યાનનું મૂળ તથા તેની વિકાસ રેખા

૪.૨ સામાજિકતા

૪.૩ સંસ્કૃતિ

૪.૪ નૈતિકતા

૪.૫ આખ્યાનોનાં પ્રતિક

પ્રકરણ : ૫ અનુગામી સાહિત્યમાં મળતાં શતપથ બ્રાહ્મણનાં આખ્યાનો

૫.૧ પુરુરવા ઉર્વશી આખ્યાન

૫.૨ દેવાસુર પૃથિવી વિભાજન આખ્યાન

પ્રકરણ : ૬ આખ્યાનોનું અર્થઘટનોપરક અધ્યયન

પ્રકરણ : ૭ ઉપસંહાર

શતપથ બ્રાહ્મણનાં આખ્યાનો : એક વિશ્લેષણાત્મક અધ્યયન

(SYNOPSIS - રૂપરેખા)

પ્રસ્તાવના :

આપણા સમાજના ધાર્મિક તથા સાંસ્કૃતિક મૂલ્યોના ભંડાર વૈદિક વાઙમય છે. વેદનાં શબ્દ પોતાની અંદર ગૂઢ રીતે અર્થપરંપરાને છૂપાવી બેઠા છે, માટે શબ્દ પ્રમાણના સ્વરૂપમાં વેદોનું મહત્ત્વ ખૂબ જ છે, તેથી તેમના તરફ અનંત સમયથી આપણી અવિચલ શ્રદ્ધાનાં પ્રમાણ ઈતિહાસ અને અનુશ્રુતિ પરંપરાથી પ્રાપ્ત થાય છે. વૈદિક સાહિત્યનો સર્વોપરી ગ્રન્થ નિઃસંદેહ ઋગ્વેદ છે, પરંતુ તેના પશ્ચાદવર્તી સાહિત્યમાં આવતા મહત્ત્વપૂર્ણ ગ્રન્થનું નામ લેવામાં આવે તો તે છે શતપથ બ્રાહ્મણ. સ્નાતકોત્તર સમયથી જ વૈદિક વાઙમય તરફ મારી વિશેષ અભિરુચિ થવા લાગી હતી. પ્રાચીન ભારતનાં ધર્મ, સંસ્કૃતિ, ઈતિહાસ તથા રાજનીતિ વગેરેના સંબંધિત દૃષ્ટિ માર્ગમાં આવેલ ગ્રન્થોમાં શતપથના સંદર્ભની વધારે પડતી સંખ્યાએ એવો વિચાર સ્થાપિત કર્યો કે શતપથ બ્રાહ્મણ વૈદિક સાહિત્યનો મૂલ્યવાન તથા લોકપ્રિય ગ્રંથ છે. આ વિષયના સંશોધન માર્ગદર્શન માટે હું મારા સન્માનનીય ગુરુવર્યા શોધનિર્દેશિકા ડૉ. મયૂરીબેન ભાટિયાને મળ્યો. તેમણે મને 'શતપથ બ્રાહ્મણનાં આખ્યાનો : એક વિશ્લેષણાત્મક અધ્યયન' વિષય તરફ નિર્દેશ કરી મારા અધ્યયન માર્ગને દિશા આપી તથા તેમના અનુભવપૂર્ણ નિર્દેશનના કારણે આ મહાશોધ કાર્ય સંપન્ન થઇ શક્યું છે.

સૃષ્ટિના આરંભથી જ આખ્યાન માનવનો અતિ પ્રિય વિષય રહ્યો છે. આખ્યાન જેને સામાન્ય રીતે સાંસ્કૃતિક કથાઓ કહેવામાં આવે છે, જેમાં વિવિધ દેવી-દેવતાઓ, ઋષિ-મુનિઓ, તપસ્વીઓ, રાજાઓ, પશુ-પક્ષીઓ વગેરેનું વર્ણન આવે છે, જેને પ્રાકૃતિક કથાઓ કહે છે. બીજા દેશ, જાતિ તથા સમાજની પ્રથાઓ રીતરિવાજોની વ્યાખ્યા આપતાં આખ્યાનો જોવા મળે છે, જેમાં ભૌતિક તત્ત્વોનું સંવેદાનાત્મક માનવીકરણ કરવામાં આવે છે. પ્રાગૈતિહાસિક યુગના માનવ તથા તે યુગની આર્થિક, સામાજિક, રાજનીતિક, ધાર્મિક, સાંસ્કૃતિક પરિસ્થિતિઓનું અધ્યયન તથા વિશ્લેષણ કરવાનું એક માત્ર સાધન બીજાં સાધનોનાં અભાવમાં યુગો-યુગોથી કંઠાનુક્રમથી ચાલી આવતાં આખ્યાન જ પ્રાપ્ત થાય છે.

પ્રસ્તુત મહાશોધ નિબંધ અંતર્ગત અભ્યાસ કરવામાં આવેલ આખ્યાનો જેમાં ૧. વૃત્રાસુર આખ્યાન, ૨. મનુવૃષભ આખ્યાન, ૩. ત્રિશીર્ષા વિશ્વરુપ આખ્યાન, ૪. પુરોડાશ આખ્યાન, ૫. દેવાસુર સંગ્રામ આખ્યાન, ૬. દેવાસુર પૃથિવી વિભાજન આખ્યાન, ૭. રાહુગણ માથવ આખ્યાન, ૮. વાણી અને મન સંવાદાખ્યાન, ૯. પ્રયાજાનુમન્ત્રણ મહાબન્ધિત દેવાસુર આખ્યાન, ૧૦. ત્વષ્ટાના પુત્ર ત્રિશીર્ષાનું આખ્યાન, ૧૧. મનુ મત્સ્ય આખ્યાન, ૧૨. બૃહસ્પત્ય શંયુ આખ્યાન, ૧૩. યોષા વા ઇયં વાક્ આખ્યાન, ૧૪. સૌપર્ણ કાદ્રવવ્યાખ્યાન અને ૧૫. પુરુરવા ઉર્વશી આખ્યાન. અહીં અભ્યાસ વખતે એ વાતનું ધ્યાન રાખવામાં આવ્યું છે કે આખ્યાનની પ્રાચીનતાની સાથે તેના સંબંધ-સૂત્ર વૈદિક યુગ તથા અનુગામી સાહિત્ય સાથે સંલગ્ન થતાં હોય.

પ્રસ્તુત મહાશોધ નિબંધનો અભ્યાસ શુકલ યજુર્વેદીય માધ્યન્દિન શતપથ બ્રાહ્મણ ભાષ્ય પં. બુદ્ધદેવ, વિદ્યાલંકાર (સ્વામી સમર્પણાનન્દ) દ્વારા રચિત ગ્રંથનો મુખ્ય આધાર રાખી કરવામાં આવેલ છે.

શતપથ બ્રાહ્મણનાં ઉપરોકત આખ્યાનોનું અધ્યયન કરતી વખતે પ્રથમ બ્રાહ્મણ સાહિત્યનો ઉદ્ભવ તથા તેનો સંક્ષિપ્ત પરિચય આપવામાં આવેલ છે. તેના પછી આખ્યાન સાહિત્યની વિકાસ પરંપરા જણાવેલ છે. ત્યારબાદ શતપથ બ્રાહ્મણનાં ચૌદ કાંડમાં મળતાં આખ્યાનોનો સંક્ષિપ્ત પરિચય આપવામાં આવેલ છે. પછીનાં પ્રકરણમાં આખ્યાનોનું સામાજિક, સાંસ્કૃતિક, નૈતિક તથા તેનાં પ્રતિકો આધારિત વિશ્લેષણ કરવામાં આવ્યું છે. શતપથ બ્રાહ્મણનાં અનુગામી સાહિત્યોમાં અત્રે રજૂ કરેલ આખ્યાનો મળતાં હોય તો તેની મૂળ કથા તથા તેના ફેરફારોની નોંધ કરેલ છે. અંતે આખ્યાનોમાં મળતા શબ્દોનાં પ્રકૃતિ તથા પ્રત્યય આધારિત તથા વ્યુત્પત્તિમૂલક અર્થઘટન કરેલ છે. ઉપસંહારમાં મહાશોધ નિબંધનો સારાંશ તથા ભવિષ્યના સંશોધન માટેની સંભાવનાઓ રજૂ કરવામાં આવેલ છે.

પ્રકરણ : ૧

બ્રાહ્મણ સાહિત્યનો ઉદ્ભવ અને વિકાસ :

વેદોનો સામાન્ય પરિચય :

હિન્દુ સંસ્કૃતિ તથા સભ્યતાની ધરોહર ગણાતી ભારત ભૂમિની પરમતત્ત્વ કૃત વાણીની સુવાસ પ્રવર્તમાન સમયમાં વિશ્વ કક્ષાએ પ્રસરી છે તેવા સમયે આ પ્રકરણમાં વિષયોચિત પરમ પવિત્ર વેદરૂપી વાણીનો સંક્ષિપ્ત પરિચય તથા વેદ શબ્દનો અર્થ અને તેની અગત્ય દર્શાવવાનો પ્રયાસ કરેલ છે.

'ब्राह्मण' **શબ્દનો અર્થ :**

બ્રાહ્મણ શબ્દનો ધાત્વર્થ જણાવી બ્રાહ્મણ શબ્દનું લક્ષણ જણાવેલ છે.

શતપથ બ્રાહ્મણ સાહિત્યનાં પ્રણેતા :

શતપથ બ્રાહ્મણમાં મળતા ઉલ્લેખો તથા મહાભારતમાં પ્રાપ્ત ઉલ્લેખનાં આધારે શતપથ બ્રાહ્મણનાં પ્રણેતાની વાત રજૂ કરવામાં આવેલ છે.

શતપથ બ્રાહ્મણ સાહિત્યનો રચનાકાળ :

શતપથ બ્રાહ્મણના રચનાકાળ વિશે નિર્ણય કરવો ખૂબ જ કઠિન કાર્ય છે, પરંતુ ભારતીય તથા પાશ્ચાત્ય દેશના વિદ્વાનો દ્વારા વિવિધ તર્ક, જ્યોતિષ તથા શતપથ બ્રાહ્મણમાં મળતા ઉલ્લેખોના આધારે રચનાકાળ વિશેના મતો અત્રે પ્રસ્તુત કરવામાં આવ્યાં છે.

ઉપલબ્ધ બ્રાહ્મણ સાહિત્યનો સંક્ષિપ્ત પરિચય :

અહીં ચાર વેદમાંથી આવિષ્કાર પામેલા બ્રાહ્મણ ગ્રંથો જેવા કે ઐતરેય બ્રાહ્મણ, કૌષીતકિ બ્રાહ્મણ, શાંખાયન બ્રાહ્મણ, માધ્યંદિન તથા કાણ્વ શતપથ બ્રાહ્મણ, તૈત્તિરીય બ્રાહ્મણ, તાંડ્ય બ્રાહ્મણ, ષડ્વિંશ બ્રાહ્મણ, સામવિધાન બ્રાહ્મણ, આર્ષેય બ્રાહ્મણ, દેવતાધ્યાય બ્રાહ્મણ,

ઉપનિષદ બ્રાહ્મણ, સંહિતોપનિષદ બ્રાહ્મણ, વંશ બ્રાહ્મણ, જૈમિનીય બ્રાહ્મણ, જૈમિનીય આર્ષેય બ્રાહ્મણ, જૈમિનીયોપનિષદ બ્રાહ્મણ તથા ગોપથ બ્રાહ્મણનો સંક્ષિપ્ત પરિચય આપેલ છે.

બ્રાહ્મણ સાહિત્યનું વિષય વસ્તુ ઃ

અહીં બ્રાહ્મણ સાહિત્યના વિષય વસ્તુના અનુસંધાનમાં વિધિ, વિનિયોગ, હેતુ, અર્થવાદ, નિર્વચન તથા આખ્યાન જેવાં યજ્ઞોના વિધિ-વિધાનોના હેતુ વગેરે વિષય વસ્તુ રજૂ કરવામાં આવ્યા છે.

પ્રકરણ-૨

આખ્યાન સાહિત્યનો ઉદ્‌ભવ અને વિકાસ :

આખ્યાન સાહિત્યના ઉદ્‌ભવ અને વિકાસની રૂપરેખા :

અહીં આખ્યાનનો ઉદ્‌ભવ તથા વિકાસની પરંપરાને સંક્ષિપ્ત સ્વરૂપમાં રજૂ કરવામાં આવી છે.

આખ્યાન શબ્દાર્થ :

આખ્યાન શબ્દનો ધાત્વર્થ જણાવી શબ્દકોષ, શબ્દકલ્પદ્રુમ, હલાયુધકોશ તથા સાહિત્યદર્પણમાં જણાવેલ આખ્યાનના અર્થ રજૂ કરવામાં આવ્યા છે. આખ્યાનનાં અર્થ સંદર્ભે અહીં હેમચન્દ્રાચાર્યનો મત રજૂ કરેલ છે.

આખ્યાન સ્વરૂપ :

આખ્યાનમાં વિવિધ સ્વરૂપ અંતર્ગત આવતાં ઉપાખ્યાન, કથા, ગાથા, નારાશંસી, ઈતિહાસ-પુરાણ વગેરે દ્વારા આખ્યાનના સ્વરૂપને સમજાવવાનો પ્રયત્ન કરવામાં આવેલ છે.

વૈદિક સાહિત્યમાં આખ્યાન સ્વરૂપ :

આખ્યાન સ્વરૂપની રૂપરેખા સમજવા માટે વિશ્વ સાહિત્યોમાં જેનું અગ્રીમ સ્થાન છે તેવા વેદોનો અભ્યાસ કરવો ઘટે, તેથી ઋગ્વેદાદિ વેદો, બ્રાહ્મણ સાહિત્યો તથા આરણ્યક અને ઉપનિષદોમાં પ્રાપ્ત આખ્યાનોનાં સ્વરૂપ વિશેનો અભ્યાસ કરવામાં આવ્યો છે.

પુરાણ, રામાયણ અને મહાભારતમાં આખ્યાન સ્વરૂપ :

પુરાણ સાહિત્ય ભારતીય જીવન તથા સંસ્કૃતિનો પ્રાણ છે. ધાર્મિક તથા સામાજિક દ્રષ્ટિએ પુરાણોનું મહત્ત્વ ઘણું રહેલું છે. અહીં આખ્યાનો સરળ શૈલીમાં રજૂ થયેલ હોય તેનું સ્વરૂપ પ્રગટ કરવામાં આવેલ છે. આદિકાવ્ય રામાયણ ભારતદેશના એક સર્વોત્કૃષ્ટ ધાર્મિક તથા

નૈતિક ગ્રંથરત્ન છે. અહીં સાતેય કાન્ડમાં આખ્યાનો દ્દષ્ટિમાન થતાં હોઈ તેના સ્વરૂપની વાત કરવામાં આવી છે. મહાભારત જેને પંચમ વેદ કહેવાયો છે તથા ઐતિહાસિક ગ્રંથ તરીકે જગ પ્રસિદ્ધ છે. અહીં પણ વિપુલ માત્રામાં આખ્યાનો પ્રાપ્ત થતાં હોય તેના સ્વરૂપનો નિર્દેશ કરેલ છે.

બૌદ્ધ તથા જૈન સાહિત્યમાં આખ્યાન સ્વરૂપ :

ભગવાન બુદ્ધે સાચા સુખની ચાવી સ્વરૂપ જે ઉપદેશ આપ્યો તે તેમના શિષ્યો દ્વારા વિનયપિટક, સુત્તપિટક અને અભિધમ્મપિટકમાં સંગ્રહિત કરવામાં આવ્યો. ભગવાન બુદ્ધના જીવન ઉપરની હકીકતો વિવિધ પ્રસંગોમાં જોવા મળે છે. અસ્સલાયન, દીઘનિકાય, મજ્જહિમાનિકાય વગેરે કથા પ્રસંગો પ્રસ્તુત પિટકોમાં પ્રાપ્ત થાય છે. અંગુલિમાલ, રથ્થમાલ, મખાદેવ જેવી કથાઓ પિટક સાહિત્યમાં જોવા મળે છે. આખ્યાન સાહિત્યની વિકાસ પરંપરામાં બૌદ્ધધર્મનું પાલિ સાહિત્ય જેમાં જાતક કથાઓનું સ્થાન મહત્ત્વનો ભાગ ભજવે છે. અત્રે પ્રાપ્ત આખ્યાનોમાં મોટાભાગે નૈતિકતાનું સ્વરૂપ જોવા મળે છે. અહીં અવદાન સાહિત્ય પણ ખૂબ મહત્ત્વનું છે, જેનું સ્વરૂપ નિર્દેશ કરેલ છે.

બૌદ્ધ સાહિત્યની જેમ જૈન સાહિત્યમાં પણ આખ્યાનોનો વિપુલ સ્ત્રોત જોવા મળે છે. અહીં દિગમ્બર અને શ્વેતામ્બર એ બે સંપ્રદાયનાં પોતાનાં સ્વતંત્ર સાહિત્ય પ્રાપ્ત થાય છે, જેમાં મળતાં આખ્યાનોના સ્વરૂપનો અહીં નિર્દેશ કરવામાં આવેલ છે.

પ્રકરણ-૩

શતપથ બ્રાહ્મણમાં આવતાં આખ્યાનો :

શતપથ બ્રાહ્મણનું સ્વરૂપ :

અહીં સર્વપ્રથમ બ્રાહ્મણ ગ્રંથોમાં શિખર સ્વરૂપ શતપથ બ્રાહ્મણનાં નામાભિધાનની ચર્ચા વિવિધ વિદ્વાનોના મતે રજૂ કરવામાં આવેલ છે. ત્યારબાદ ઇ.સ. ૧૯૪૦ માં લક્ષ્મી વેંકટેશ્વર પ્રેસ, મુંબઈમાં માધ્યંદિન તથા કાણ્વ શતપથ બ્રાહ્મણ સાયણ ભાષ્ય, વેદાર્થ પ્રકાશ અને હરિસ્વામીની ટીકા સાથે પ્રકાશિત કરવામાં આવ્યું, જેમાં શ્રીધર શર્માની ભૂમિકાના આધારે શતપથ બ્રાહ્મણ સંબંધી સ્ત્રોતની માહિતી આપવાનો પ્રયત્ન કરેલ છે. ત્યારપછી તેના યજ્ઞોના વિધિ વિધાનના આધારે આધ્યાત્મિકતા જણાવેલ છે. અહીં પ્રયોજાયેલ ભાષાના સ્વરૂપની વાત કરેલ છે. શતપથ બ્રાહ્મણનાં યજ્ઞોની વિધિમાં વિવિધ અનુષ્ઠાન તથા સ્વરૂપના વિવેચનમાં રહેલી વૈજ્ઞાનિકતા દર્શાવવાનો પ્રયત્ન કરેલ છે. અહીં શતપથ બ્રાહ્મણને દાર્શનિક દ્રષ્ટિથી જોઇ બૌદ્ધ દર્શનની વિચારધારાનો સંબંધ પ્રગટ કરેલ છે. ત્યારબાદ શતપથ બ્રાહ્મણમાં 'ઉપવાસ' શબ્દનું નિર્વચન उप (જે દિવસે યજ્ઞશાળાની પાસે) वसथ (વાસ) કરવામાં આવે તે 'उपवसथ' કહેવાય, જેવાં નિર્વચનનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આમ, આવા વિભિન્ન વિષયો દ્વારા અભ્યાસ કરવાનો પ્રયત્ન કરવામાં આવેલ છે.

માધ્યંદિન શતપથ બ્રાહ્મણમાં પ્રાપ્ત આખ્યાન :

અહીં માધ્યંદિન શતપથ બ્રાહ્મણનાં ચૌદ કાંડો જેવાં કે,

काण्ड	काण्डनु नाम	अध्याय	प्रपाठक	ब्राह्मण	कंडिका
१.	हविर्यज्ञम्	९	७	३७	८३७
२.	एकपादिका	६	५	२४	५४९
३.	अध्वरम्	९	७	३७	८५९

४.	ग्रहनाम	६	५	३९	६४८
५.	सवम्	५	४	२५	४७१
६.	उषासम्भरणम्	८	५	२७	४३७
७.	हस्तिघटम्	५	४	१२	३९८
८.	चिति:	७	४	२७	५३०
९.	संचिति:	५	४	१५	४०२
१०.	अग्निरहस्यम्	६	४	३१	३६९
११.	अष्टाध्यायी (संग्रह)	८	४	४२	४३७
१२.	मध्यमाम् (सौत्रामणी)	९	४	२९	४५९
१३.	अश्वमेघम्	८	४	४३	४३२
१४.	बृहदारण्यकम्	९	७	५०	७९६
	કુલ	**१००**	**६८**	**४३८**	**७६२४**

ઉપરોકત ચૌદ કાંડોનો અભ્યાસ કરી તેમાં પ્રાપ્ત બધાં જ આખ્યાનોનો સંક્ષિપ્ત પરિચય પ્રસ્તુત પ્રકરણમાં રજૂ કરવામાં આવેલ છે.

પ્રકરણ-૪

આખ્યાનોનું વિશ્લેષણાત્મક અધ્યયન :

પ્રસ્તુત પ્રકરણમાં માધ્યંદિન શતપથ બ્રાહ્મણનાં આખ્યાનો જેવાં કે,

૧. વૃત્રાસુર આખ્યાન,

૨. મનુવૃષભ આખ્યાન

૩. ત્રિશીર્ષા વિશ્વરુપ આખ્યાન

૪. પુરોડાશ આખ્યાન

૫. દેવાસુર સંગ્રામ આખ્યાન

૬. દેવાસુર પૃથિવી વિભાજન આખ્યાન

૭. રાહુગણ માથવ આખ્યાન

૮. વાણી અને મનનો સંવાદાખ્યાન

૯. પ્રયાજાનુમન્ત્રણ મહાબન્ધિત દેવાસુર આખ્યાન

૧૦. ત્વષ્ટાના પુત્ર ત્રિશીર્ષાનું આખ્યાન

૧૧. મનુ મત્સ્ય આખ્યાન

૧૨. બાર્હસ્યત્ય શંયુ આખ્યાન

૧૩. યોષા વા ઇયં વાક્ આખ્યાન

૧૪. સૌપર્ણ કાદ્રવવ્યાખ્યાન અને

૧૫. પુરુરવા ઉર્વશી આખ્યાન

પ્રસ્તુત આખ્યાનનું મૂળ તથા તેની વિકાસ રેખા, સામાજિકતા, સાંસ્કૃતિકતા, નૈતિકતાનો બોધ તથા આખ્યાનોના પ્રતિક દ્વારા અત્રે વિશ્લેષણાત્મક અધ્યયન કરવાનો પ્રયાસ કરવામાં આવેલ છે.

પ્રકરણ-૫

અનુગામી સાહિત્યમાં મળતાં શતપથ બ્રાહ્મણનાં આખ્યાનો :

પ્રસ્તુત પ્રકરણમાં મહાશોધ નિબંધમાં અભ્યાસ અર્થે લીધેલ આખ્યાનો જ અનુગામી સાહિત્યમાં આવતાં હોય તેની નોંધ તથા તેમાં થયેલ ફેરફારની સમજ રજૂ કરવાનો પ્રયત્ન કરેલ છે. જેમ કે, પુરુરવા-ઉર્વશીનું આખ્યાન જેની મૂળ કથા ઋગ્વેદમાં ૧૦.૯૫ સૂકતમાં ૧૮ મંત્રોમાં પ્રાપ્ત થાય છે, ત્યારબાદ શતપથ બ્રાહ્મણમાં પ્રસ્તુત કથા આગળ વધે છે.

અહીં આ આખ્યાન થોડા ઘણાં ફેરફારો સાથે નજરે પડે છે. ત્યાર પછીનાં સાહિત્યો જેવાં કે રામાયણ, મહાભારત, પુરાણોમાં પ્રસ્તુત આખ્યાન વિવિધ ફેરફારો દ્વારા આગળ વધે છે. જેમ કે રામાયણમાં ઉર્વશી મિત્રદેવના શાપનો ભોગ બને છે તથા કાશીનાં રાજા પુરુરવા જ તારા પતિ થશે તેવો મિત્રદેવનો શાપ જોવા મળે છે. અહીં ઉર્વશીને આયુ નામનાં પુત્રનો જન્મ થયો તથા તેનો પુત્ર નહુષ એક વર્ષ પર્યન્ત ઇન્દ્રપદ મેળવે છે. આમ શાપ અવધિ પૂરી થતાં પુનઃ સ્વર્ગલોકમાં ઉર્વશીનું ગમન થવું વગેરે ફેરફાર સાથે આખ્યાન નજરે પડે છે. ત્યારબાદ વિવિધ પુરાણો જેવાં કે, પદ્મપુરાણ, વિષ્ણુપુરાણ, શ્રીમદ્‌ભાગવત, સ્કંદમહાપુરાણ, મત્સ્યપુરાણ, દેવી ભાગવત પુરાણ, વાયુપુરાણ, કથાસરિત્સાગર અને વિક્રમોર્વશીયમ નાટકમાં મૂળ આખ્યાન વિવિધ ફેરફારો સાથે આગળ વિકાસ પામેલ છે તે રજૂ કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે.

પ્રકરણ-૬

આખ્યાનોનું અર્થઘટનોપકરક અધ્યયન :

પ્રસ્તુત પ્રકરણમાં માધ્યંદિન શતપથ બ્રાહ્મણનાં અભ્યાસ અર્થે લીધેલ આખ્યાનોમાં પ્રાપ્ત પાત્રોનાં નામ અને શબ્દોના વ્યુત્પત્તિમૂલક અભ્યાસ તથા ભાષ્યકારોએ જણાવેલ અર્થ દ્વારા અર્થઘટનોપરક અભ્યાસ કરવામાં આવેલ છે.

ઉદાહરણ તરીકે,

वृत्र:

શતપથ બ્રાહ્મણ પ્રમાણે,

(૧) वृत्रो ह वा इदं सर्वं वृत्वा शिश्ये । यदिदमन्तरेण द्यावापृथिवी स यदीदं सर्वं वृत्वा शिश्ये तस्माद् वृत्रो नाम।

वृत्र આ બધાને ઘેરીને સૂઈ રહ્યો છે. આકાશ અને પૃથ્વીની વચ્ચે જે કાંઇ છે તે બધાને ઘેરીને સૂઈ રહ્યો છે. તેથી તેનું નામ वृत्र પડયું.

(૨) स यद् वर्तमान: समभवत । तस्मात् वृत्र: ।

આ વર્તમાન (वृत् ધાતુનો અર્થ છે વહેવું) અર્થાત્ વહીને જે ઉત્પન્ન થયો, તેથી તે वृत्र થઇ ગયો.

નિરુકત પ્રમાણે,

तत्को वृत्रो मेघ इति नैरूक्ता: ।

અહીં નિરુક્તકાર वृत्रનો અર્થ મેઘ કરે છે.

वृत्र **એક રાક્ષસનું નામ છે. જે ઇન્દ્રનો શત્રુ છે. આ શબ્દની વ્યુત્પત્તિ બે અલગ-અલગ ધાતુઓ** वृ संवरणे **(ઢાંકવું) તથા** वृत् वर्तने **(ફરવું) થી કરવામાં આવેલ છે. અહીં યાસ્કાચાર્ય વૃત્રની વ્યુત્પત્તિ શતપથ બ્રાહ્મણ પ્રમાણે બંને ધાતુથી કરે છે.**

પ્રકરણ-૭

ઉપસંહાર :

શતપથ બ્રાહ્મણ વેદ માહાત્મ્યને પ્રગટ કરવાવાળો સૌથી મહત્ત્વશાળી તથા યજ્ઞાનુષ્ઠાનને પ્રતિપાદિત કરતો સર્વોત્તમ ગ્રંથ છે. વૈદિક વ્યાખ્યાનાં ક્ષેત્રમાં શતપથ બ્રાહ્મણનું ખૂબ જ મહત્ત્વ રહેલું છે. શતપથ બ્રાહ્મણમાં યજ્ઞ-પ્રક્રિયા સંબંધિત વ્યાખ્યા આપતાં વૈદિક શબ્દોનાં નિર્વચન, વૈદિક શબ્દો તથા મન્ત્રો સંબંધિત અનેક આખ્યાન પ્રાપ્ત થાય છે. શતપથ બ્રાહ્મણનાં આખ્યાનોનું વિશ્લેષણાત્મક અધ્યયન પ્રસ્તુત વિષય ઉપર અધ્યયન કર્યા પછી એવું કહી શકાય કે શતપથ બ્રાહ્મણ યજ્ઞવિજ્ઞાન, આધ્યાત્મિક, નિર્વચન, આખ્યાન, સાંસ્કૃતિક, ઐતિહાસિક, દાર્શનિક તથા પૌરાણિક દ્દષ્ટિથી ઘણું મહત્ત્વનું છે. પ્રસ્તુત મહાશોધ નિબંધમાં શતપથ બ્રાહ્મણનાં ચૌદ કાંડનાં અભ્યાસમાં વ્યાખ્યાત્મક, નિર્વચનાત્મક, ઐતિહાસિક આખ્યાનને તથ્યપૂર્ણ રીતે અવલોકવાનો પ્રયત્ન કરેલ છે તથા આખ્યાનોમાં રહેલી સામાજિકતા, સાંસ્કૃતિકતા અને નૈતિક મૂલ્ય દ્વારા એક વિશેષ અર્થ સમજાવવાનો પ્રયાસ કરેલ છે. શતપથ બ્રાહ્મણનાં આખ્યાનોનું અનુગામી સાહિત્યમાં નિર્માણ અને તેમાં સમયાનુસાર આવેલ નવા નવા વિચારો તથા તેના થકી આપવામાં આવેલાં ઉપદેશોને રજૂ કરવાનો પ્રયાસ કરવામાં આવેલ છે. અહીં આખ્યાનોનાં મૂળ પાત્રો, નામોના નિર્વચન થકી અર્થઘટન કરવાનો પ્રયાસ કરેલ છે. અંતે આ મહાશોધ નિબંધનાં અભ્યાસ અર્થે લીધેલ સંદર્ભગ્રંથની સૂચિ રજૂ કરવામાં આવેલ છે.

આધાર ગ્રંથ :

१. अनुवादक, उपाध्याय, पं. गंगाप्रसाद, शतपथब्राह्मण, गोविन्दराम हासानन्द, दिल्ली, प्रथम भाग, द्वितीय भाग, तृतीय भाग–२०१०.

२. विद्यालङ्कार, पं. बुद्धदेव, शतपथ ब्राह्मण भाष्य, समर्पण शोध संस्थान, उत्तरप्रदेश–१९९०.

३. शर्मा, पं. मोतीलाल, शतपथ ब्राह्मण (विज्ञान भाष्य), कांड–२, श्री बालचन्द्र यन्त्रालय, मानवाश्रम, दुर्गापुरा, जयपुर, १९५६.

४. माध्यन्दिन शतपथ ब्राह्मण (सायण भाष्य सहित) १–५ भाग, गंगा विष्णु श्री कृष्णदास मालिक, लक्ष्मी वेङ्कटेश्वर स्टीम – प्रेस कल्याण, मुम्बई ।

५. सिंह, डॉ. पुष्पा, वैदिक व्याख्या पद्धति में शतपथब्राह्मण का योगदान, जे.पी.पब्लिशिंग हाउस, दिल्ली, २००५

६. डॉ. उर्वी, यजुर्वेदीयब्राह्मणों के प्रमुख आख्यानों का समीक्षात्मक अध्ययन, जे.पी,पब्लिशिंग हाउस, दिल्ली–१९९४

७. कवठेकर, प्रभाकर नारायण, वैदिक आख्यान, राष्ट्रिय संस्कृतसंस्थानम्, नई दिल्ली–१९९५

८. डॉ. कृष्णलाल, वैदिक व्याख्यान माला, प्रहलाद स्मारक, प्रथम स्तबक, ईस्टर्न बुक लिंकर्स, दिल्ली–१९८२

९. उपाध्याय, पं.बलदेव, वैदिक साहित्य और संस्कृति, शारदा संस्थान, वाराणसी–१९९३

१०. शास्त्री, छज्जूराम, मेहुरचन्द, लछमनदास, निरुक्त (हिन्दी भाष्य), दिल्ली-१९६३

११. वैद्य, दयालमुनि आर्य, यजुर्वेदभाष्य, स्वामी दयानन्द सरस्वती, वानप्रस्थ साधक आश्रम, आर्यवन-२००८

१२. सोमदेव, कथा सरित्सागर, निर्णय सागर प्रेस, मुंबई

१३. शर्मा, डॉ. उर्मिला देवी, शतपथ ब्राह्मण एक सांस्कृतिक अध्ययन, नई दिल्ली-१९८२

१४. शर्मा, डॉ. राममूर्ति, वैदिक साहित्य का इतिहास, ईस्टर्न बुक लिंकर्स, दिल्ली-१९८७

१५. राय, डॉ. अरूणकुमार, ब्राह्मण ग्रन्थो में शब्द निर्वचन, श्यामा प्रकाशन संस्थान, इलाहाबाद-१९९४

१६. डॉ. कृष्णलाल, वेद परिचय, हिन्दी माध्यम कार्यान्वय निर्देशालय, दिल्ली विश्वविद्यालय, प्रथम संस्करण-१९९३

१७. डॉ. रञ्जना, ब्राह्मण ग्रन्थ-एक अनुशीलन, शिवाराधन प्रकाशन, इलाहाबाद-१९८८

१८. वेदालंकार, डॉ. जयदेव, वैदिक संस्कृति, न्यू भारतीय बुक कोर्पोरेशन, दिल्ली-२००९

१९. अनुवादक, काश्यप, अर्जुन, धर्मशास्त्र का इतिहास भाग १-५, हिन्दी समिति, उ.प्र. १९७३

२०. अनुवादक, डॉ. सूर्यकान्त, वैदिक धर्म एवं दर्शन, मोतीलाल बनारसीदास, पटना-१९६५

२१. स्वरुप, लक्ष्मण, निघण्टु तथा निरुक्त, मोतीलाल बनारसीदास, पटना–१९६५

२२. उपाध्याय, बलदेव, पुराण–विमर्श, चोखम्बा विद्याभवन, वाराणसी–१९६५

२३. गोयन्दका, हरिकृष्णदास, ईशादि नौ उपनिषद्, गीताप्रेस, गोरखपुर, संवत–२०६९

२४. आचार्य, श्रीराम शर्मा, पद्म पुराण, संस्कृति संस्थान, बरेली–१९६९

२५. आचार्य, श्रीराम शर्मा, गरुड पुराण, संस्कृति संस्थान, बरेली–१९६८

२६. आचार्य, श्रीराम शर्मा, अग्नि पुराण, संस्कृति संस्थान, बरेली–१९७६

२७. आचार्य, श्रीराम शर्मा, मत्स्य पुराण, संस्कृति संस्थान, बरेली–१९७०

२८. आचार्य, श्रीराम शर्मा, वायु पुराण, संस्कृति संस्थान, बरेली–१९६९

२९. પટેલ, ડૉ. ગૌતમ વી., વૈદિક સાહિત્ય અને સંસ્કૃતિ, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત-૧૯૯૦

३०. શાસ્ત્રી, સી.એલ., વૈદિક વાઙ્મયનો ઈતિહાસ, સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ-૧૯૭૭

३१. અનુવાદક, શાસ્ત્રી, ગિરિજાશંકર, શ્રી વિષ્ણુપુરાણ, સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, મુંબઇ-૧૯૮૧

३२. અનુવાદક, શાસ્ત્રી, ગિરજાશંકર, શ્રી મહાભારત, સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, મુંબઇ-૧૯૭૫

३३. અનુવાદક, પુરોહિત, શ્રી ભાઈશંકર, વામન પુરાણ, સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, મુંબઇ-૧૯૮૨

૩૪. અનુવાદક, શાસ્ત્રી, ગિરજાશંકર, મનુસ્મૃતિ, સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, મુંબઇ-૧૯૮૪

૩૫. અનુવાદક, શાસ્ત્રી, નરહરિ મગનલાલ, વાલ્મીકિ રામાયણ, સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, મુંબઇ-૧૯૭૬

સ્થળ : વાલિયા

તારીખ : /૦૧/૧૫

અધ્યેતા

હસમુખભાઇ એમ. સોલંકી

આચાર્યશ્રી,

પ્રિ.ડૉ. અશ્વિનકુમાર ડી. પંડ્યા

શ્રી રંગ નવચેતન મહિલા આર્ટ્સ

કૉલેજ, વાલિયા.

માર્ગદર્શકશ્રી,

પ્રા. ડૉ. મયૂરીબેન એ. ભાટિયા

સંસ્કૃત વિભાગાધ્યક્ષા

શ્રી રંગ નવચેતન મહિલા આર્ટ્સ

કૉલેજ, વાલિયા.